# વિવેકાનંદ સેન્ટર ફોર એક્સલન્સ એન્ડ કલ્ચર

## – શાશ્વત ભારત પ્રતિ એક પ્રયાણ

(પ્રથમ તબક્કો)



## રામકૃષ્ણ મિશન વિવેકાનંદ મેમોરિયલ

'દિલારામ બંગલો', સર્કિટ હાઉસ સામે, અલકાપુરી, વડોદરા – ૩૯૦૦૦૭ (ગુજરાત)

M. : 635 342 0198 | E-mail: rkmvmv1@gmail.com | Web.: www.rkmvadodara.org | fb.me/rkmvadodara



# વિવેકાનંદ સેન્ટર ફૉર એક્સલન્સ ઍન્ડ કલ્ચર

## – શાશ્વત ભારત પ્રતિ એક પ્રયાણ

સ્વામી વિવેકાનંદે પોતાના ગુરુ અને આધુનિક યુગના અવતાર પુરુષ શ્રીરામકૃષ્ણદેવના નામે રામકૃષ્ણ મઠ અને રામકૃષ્ણ મિશનની સ્થાપના કરી હતી. આ બિનસાંપ્રદાયિક અને આધ્યાત્મિક સંસ્થાનું મુખ્ય મથક બંગાળના હાવડા જિલ્લામાં બેલુર મુકામે આવેલું છે. 'આત્મનો મોક્ષાર્થં જગત્ હિતાય ચ' (પોતાના મોક્ષ અને જગતના કલ્યાણ માટે) – આ છે રામકૃષ્ણ મિશનનો આદર્શ.

'રામકૃષ્ણ મિશન વિવેકાનંદ મેમોરિયલ, વડોદરા' એ આ વિશ્વવ્યાપી સંસ્થાની એક શાખા છે. વડોદરા મિશન ગુજરાતના લોકોની વિનમ્રભાવે સેવા કરી રહ્યું છે. સંસ્થાના અંતર્ગત પ્રારંભથી જ આધ્યાત્મિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક, તબીબી, રાહતકાર્યો અને જનકલ્યાણની વિવિધ પ્રવૃતિઓ થઇ રહી છે. અહીં 'દિલારામ બંગલો'માં ૧૮૯૨માં સ્વામી વિવેકાનંદ રોકાયા હતા તેથી આ સ્થળ પવિત્ર બન્યું છે. ગુજરાતનાં તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ૨૦૦૫માં સ્વામી વિવેકાનંદનું સ્મારક બનાવવા માટે આ બંગલો રામકૃષ્ણ મિશનને સુપરત કર્યો. ત્યારથી આ કેન્દ્ર સમાજના ઉત્કર્ષ માટે અનેકવિધ પ્રવૃતિઓ કરી રહ્યું છે.

વડોદરા મિશનની સ્થાપનાથી લઇને અત્યાર સુધીના સમયગાળામાં બાળકો અને યુવાનો સાથેના વાર્તાલાપો દરમિયાન નવી પેઢી જે સમસ્યાઓનો સામનો કરી રહી છે, તે અમારા ધ્યાનમાં આવ્યું. આ પડકારોને પહોંચી વળવાની એમની પાસે પૂરતી ઊર્જા, ઉત્સાહ અને સંઘર્ષ કરવાની ઇચ્છા હોવા છતાં તેઓ સતત મૂંઝવણ અનુભવે છે, એ પણ અમને જણાયું. સાંપ્રત સમયમાં સમાજ પોતાની મુખ્યધારાથી તથા આપણા વારસાના મૂળથી દૂર થતો જાય છે. કારણ કે ભારતીય જીવન મૂલ્યો ક્ષીણ થતાં જાય છે, પાશ્ચાત્ય સંસ્કૃતિનો પ્રભાવ વધતો જાય છે અને વયસ્ક લોકો પણ વર્તમાન સમયના પડકારોનો સામનો કરવા સક્ષમ નથી.

આ પરિસ્થિતિ જોતાં અમને લાગે છે કે એવું એક સ્થળ હોવું જોઇએ કે જ્યાં પ્રત્યેક વ્યક્તિ પોતાની અંતર્નિહિત શક્તિઓને ઓળખી શકે અને જીવનનાં વિવિધ ક્ષેત્રમાં તેને કાર્યાન્વિત કરી શકે.

આથી વિવેકાનંદે ચિંધેલા માર્ગને અનુસરીને અમે એક સંકલ્પ કર્યો, જેનું નામ છે – ***વિવેકાનંદ સેન્ટ ફૉર એક્સલન્સ ઍન્ડ કલ્ચર - શાશ્વત ભારત પ્રતિ એક પ્રયાણ.*** આ સુંદર કલાત્મક ભવનમાં વિશિષ્ટ સુવિધાઓ અને સેવાઓ વિશાળ જનસમુદાયના સર્વાંગી વિકાસ માટે ઉપલબ્ધ થશે. દીવાદાંડી સમાન આ કેન્દ્ર લોકોને ઉચ્ચ જીવન જીવવા માટે પ્રેરણા સ્ત્રોત બની રહેશે.

અહીંની પ્રવૃત્તિઓમાં સહભાગી થનાર પોતાના સુદઢ ચારિત્ર્યનું નિર્માણ કરી શકશે, વિસરાયેલાં ભારતીય મૂલ્યો સાથે પુનઃસંપર્ક સાધી શકશે તેમજ તેમની સમાજ સેવા પ્રત્યેની ઊંડી ભાવના પણ દઢ થશે.

# વિવેકાનંદ સેન્ટર ફૉર એક્સલન્સ ઍન્ડ કલ્ચર
## – શાશ્વત ભારત પ્રતિ એક પ્રયાણ

## પ્રકલ્પની ઝાંખી

### બાળકોના સર્વાંગી વિકાસ માટેનું કેન્દ્ર

- જરૂરિયાતમંદ બાળકો માટે નિઃશુલ્ક અભ્યાસ વર્ગો
- બાળકો માટે મૂલ્યલક્ષી પ્રવૃત્તિઓ
- વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક સહાય અને તાલીમ
- બાળ પુસ્તકાલય – કમ્પ્યૂટર શિક્ષણ
- બાળકોના આંતરિક વિકાસ માટેની સર્જનાત્મક પ્રવૃત્તિઓ

### યુવાનોના સર્વાંગી વિકાસ માટેનું કેન્દ્ર

- સકારાત્મક અને સર્જનાત્મક પ્રવૃત્તિઓ માટેનું કેન્દ્ર
- જીવનલક્ષી કૌશલ્યો અને વ્યક્તિત્વ વિકાસના ટૂંકા ગાળાના અભ્યાસક્રમો
- રોજગારલક્ષી માર્ગદર્શક શિબિરો અને મૂલ્યલક્ષી શિક્ષણના સેમિનારો
- વૈચારિક ક્ષમતાને સમૃદ્ધ બનાવવા માટેની વિશિષ્ટપ્રવૃત્તિઓ
- કૉલેજો, યુનિવર્સિટીઓ અને શૈક્ષણિક સંસ્થાઓ સાથેની સહભાગિતા
- ભારતીય કલા, સંસ્કૃતિ, વારસો અને શાશ્વત મૂલ્યોને લગતા સેમિનારો

### ધ્યાન અને યોગ માટેનો ખંડ

- ગાઈડેડ મેડિટેશનના વર્ગો
- યોગના વર્ગો અને સમયાંતરે યોગની શિબિરો

### શિબિર, સેમિનાર અને વર્કશોપ માટે આવાસની સુવિધા

- બાળકો અને યુવાનો માટે સેમિનાર અને નિવાસી તાલીમ
- નિષ્ણાતો સાથે વિવિધ વિષયો પર ચર્ચા અને પરિસંવાદ
- ભારતીય કલા, સંસ્કૃતિ અને વારસા માટેની શિબિરો
- જનસમુદાય માટે ધ્યાન–અંતર્યોગ શિબિરો

### પ્રદર્શન વિભાગ

- ભારતીય કલા, સંસ્કૃતિ, સ્થાપત્ય, સંગીત, નૃત્ય, ભારતનો ઈતિહાસ
- ભારતના ઋષિઓ, ભારતની નારીઓ, ભારતનાં દિવ્ય બાળકો
- સ્વામી વિવેકાનંદ – જીવન અને સંદેશ
- આધુનિક ડિજિટલ અને એ.આઈ. ટેકનોલોજીથી સુસજ્જ પ્રદર્શન વિભાગ
- બહુ પરિમાણીય (મલ્ટી ડાયમેન્શનલ–મલ્ટી સેન્સરિ) પ્રદર્શન વિભાગ

### સભાગૃહ અને સેમિનાર હોલ

- શિક્ષકો અને વિદ્યાર્થીઓ માટે મૂલ્યલક્ષી શિબિરો
- યુવાનો માટે વ્યક્તિગત વિકાસના કાર્યક્રમો
- શાસ્ત્રીય સંગીત અને કલા વિષયક કાર્યક્રમો

# વિવેકાનંદ સેન્ટર ફૉર એક્સલન્સ ઍન્ડ કલ્ચર
## – શાશ્વત ભારત પ્રતિ એક પ્રયાણ

### બાળકોના સર્વાંગી વિકાસ માટેનું કેન્દ્ર

કેળવણી અંગે સ્વામી વિવેકાનંદે કહ્યું હતું કે : ***''આપણે એવી કેળવણી જોઈએ છે કે જે ચારિત્ર્યનું ઘડતર કરે, મનની શક્તિઓનો વિકાસ કરે, બુદ્ધિનો વિસ્તાર કરે અને જેનાથી માણસ પોતાના પગ ઉપર ઊભો રહી શકે.''*** મૂલ્યલક્ષી શિક્ષણ બાળપણથી જ અગત્યનું છે. મૂલ્યલક્ષી શિક્ષણની સાથે સાથે બાળક ભારતના ઇતિહાસને જાણે તથા તેની વર્ષો જૂની પરંપરાઓ અને ભવ્ય વારસાથી પરિચિત થાય એ હેતુ પણ રહેલો છે. આ કેન્દ્ર બાળકોના શૈક્ષણિક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વિકાસ સાધવા પ્રત્યે કટિબદ્ધ છે.

આ કેન્દ્રની મુખ્ય પ્રવૃત્તિઓ નીચે પ્રમાણે રહેશે :

- **જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ માટે નિઃશુલ્ક શૈક્ષણિક વર્ગો**
- **બાળકો માટે મૂલ્યલક્ષી પ્રવૃત્તિઓ**
- **વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક સહાય અને તાલીમ**
- **બાળ પુસ્તકાલય - કમ્પ્યૂટર શિક્ષણ**
- **બાળકોની પ્રતિભાને વધારવા માટે સર્જનાત્મક પ્રવૃત્તિઓ**
- **બાળકોની અંતર્નિહિત શક્તિઓના વિકાસ માટેની પ્રવૃત્તિઓ**
- **એકાગ્રતા વિકસાવવા અને ઈચ્છાશક્તિ વધારવા માટે વિવિધ સત્રો**

### યુવાનોના સર્વાંગી વિકાસ માટેનું કેન્દ્ર

સ્વામી વિવેકાનંદ કહેતા : ***''વીર યુવકો! શ્રદ્ધા રાખો કે તમારા સહુનો જન્મ મહાન કાર્યો કરવા માટે થયો છે... આકાશના વજ્રપ્રહારથી પણ ભયભીત થશો નહિ, ઊભા થાઓ અને કામે લાગો!''***

આજે ભારત વિશ્વનાં સૌથી યુવા રાષ્ટ્રોમાંનું એક છે જેના ૬૫% લોકો ૩૫ વર્ષથી ઓછી વયના છે. યુવાનો પાસે વિશ્વને બદલવાની શક્તિ છે. તેમની પાસે બધા પ્રશ્નો અને પડકારોનું નિરાકરણ છે. આ સર્વાંગી વિકાસનો કાર્યક્રમ તેમના શારીરિક, માનસિક અને આધ્યાત્મિક વિકાસને ઘડશે. અહીં યુવાનોને પોતાના વ્યક્તિત્વને કંડારવાની તક મળશે. તેઓ પોતાની આંતરિક શક્તિઓને ઓળખી શકશે અને એક જવાબદાર નાગરિક તરીકે પોતાનું યોગદાન આપી શકશે.

આ યુવાનો જ છે, જેઓ આપણી આ માતૃભૂમિને ઉજ્જ્વળ બનાવી શકશે અને યશના શિખરની ટોચ પર લઈ જઈ શકશે.

આ કેન્દ્રની પ્રવૃત્તિઓ :

- **સકારાત્મક વિચારોના પરામર્શ માટેનું કેન્દ્ર**
- **મૂલ્યલક્ષી શિક્ષણના પરિસંવાદો**
- **વ્યક્તિત્વ વિકાસ અને જીવનલક્ષી કૌશલ્યો માટેનું કેન્દ્ર**
- **રોજગારલક્ષી માર્ગદર્શક શિબિરો**
- **વૈચારિક ક્ષમતાને સમૃદ્ધ બનાવવા માટેની વિશિષ્ટ પ્રવૃત્તિઓ**
- **કૉલેજો, યુનિવર્સિટીઓ અને શૈક્ષણિક સંસ્થાઓ સાથેની સહભાગિતા**
- **ભારતીય સંસ્કૃતિ, કલા, વારસો અને શાશ્વત મૂલ્યોને લગતા પરિસંવાદો**

# વિવેકાનંદ સેન્ટર ફૉર એક્સલન્સ ઍન્ડ કલ્ચર
## – શાશ્વત ભારત પ્રતિ એક પ્રયાણ

### ધ્યાન ખંડ

ધ્યાન વ્યક્તિના મનને વૈશ્વિક મન સાથે જોડે છે, વ્યક્તિગત ચેતનાને વૈશ્વિક ચેતના સાથે અને સીમિત ઊર્જાને અસીમ ઊર્જા સાથે એકરૂપ કરે છે. ધ્યાનથી પ્રાપ્ત થતાં શાંતિ, નીરવતા અને મનની સમતુલા આરોગ્યને લાભદાયી નીવડે છે.

જે લોકો આ ધ્યાનખંડમાં યોજાતા ગાઇડેડ મેડિટેશનમાં જોડાશે તેમને દિવ્યતાની અનુભૂતિ થશે. ધ્યાનખંડમાં ચાલતું હળવું સંગીત દિવ્ય શાંતિ આપવામાં મદદરૂપ થશે.

### યોગના વર્ગો

યોગનો હેતુ અંતર સાથેનું જોડાણ સાધવા અને પ્રાણને નિયંત્રણ કરવા માટે છે. તે વ્યક્તિના મન, શરીર અને પ્રાણને નિયંત્રણ રાખવામાં મદદ કરે છે. યોગથી શારીરિક અને માનસિક શિસ્ત આવે છે જેનાથી સ્વસ્થ શરીરમાં શાંત મનનું નિર્માણ થાય છે. ઉપરાંત સમાયોજકતા, સ્નાયુશક્તિ અને શારીરિક સૌષ્ઠવ પણ પ્રાપ્ત થાય છે. યોગ માનસિક તણાવ અને ચિંતાને હળવી કરવામાં પણ મદદરૂપ થાય છે.

### શિબિર, સેમિનાર અને વર્કશોપ માટે આવાસની સુવિધા

શિબિરાર્થીઓને આશ્રમના શુદ્ધ અને પવિત્ર પરિસરમાં રહેવાની તક મળશે તથા પોતાની આંતરિક શક્તિઓ વિકસાવવા માટે વાતાવરણ મળશે. વધુમાં એકાંતમાં રહેવાના અનુભવથી એમને શાંતિ અને દિવ્ય આનંદની પ્રાપ્તિ થશે.

આ નિવાસ સ્થાનમાં નીચે મુજબની પ્રવૃત્તિઓ કરવામાં આવશે :

- **બાળકો અને યુવાનો માટે પરિસંવાદ અને નિવાસી તાલીમ**
- **નિષ્ણાતો સાથે વિવિધ વિષયો પર ચર્ચા અને પરિસંવાદ**
- **ભારતીય કલા, સંસ્કૃતિ અને વારસા માટેની શિબિરો**
- **જનસમુદાય માટે ધ્યાન-અંતર્યોગ શિબિરો**

### સભાગૃહ અને સેમિનાર હૉલ

આ કેન્દ્રમાં ૧૦૦ વ્યક્તિઓ બેસી શકે તેવી ક્ષમતાવાળા બે સુવિધાપૂર્ણ સેમિનાર હૉલ હશે. ઉપરાંત ૪૦૦ દર્શકની ક્ષમતાવાળું અને આધુનિક સગવડોવાળું એક સભાગૃહ હશે.

તેમાં નીચેની પ્રવૃતિઓ હાથ ધરવામાં આવશે :

- **શિક્ષકો અને વિદ્યાર્થીઓ માટે મૂલ્યલક્ષી શિબિરો**
- **યુવાનો માટે વ્યક્તિગત વિકાસ માટેના કાર્યક્રમો**
- **આધ્યાત્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો**
- **શાસ્ત્રીય સંગીત અને કલાના કાર્યક્રમો**
- **શાળા / કૉલેજોના વિદ્યાર્થીઓ માટે નાટક, સંગીત અને અન્ય સર્જનાત્મક પ્રવૃતિઓ**

# વિવેકાનંદ સેન્ટર ફૉર એક્સલન્સ ઍન્ડ કલ્ચર
## – શાશ્વત ભારત પ્રતિ એક પ્રયાણ

### પ્રદર્શન વિભાગ

ભારત એક અબજથી વધુ લોકોના અદ્‌ભુત સાંસ્કૃતિક વૈવિધ્યનું નિવાસસ્થાન છે. ભારતની સંસ્કૃતિ, વારસો, તત્ત્વજ્ઞાન, નૃત્ય, સંગીત, કલા આદિનો વિશ્વ પર ગહન પ્રભાવ પડેલો છે.

પ્રદર્શન વિભાગ દૃશ્ય–શ્રાવ્ય સાધનોથી સુસજ્જ હશે. તેમાં આધુનિક ડિજિટલ અને AI ટેકેનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે. અહીં 'વર્ચ્યૂઅલ્' દૃશ્યોથી વાસ્તવિકતાની ઝલક મળશે. આનાથી દર્શકોને બહુપરિમાણવાળા (મલ્ટીડાયમેન્શનલ–મલ્ટીસેન્સરિ) નવીન અનુભવો થશે. એમાં સાંસ્કૃતિક વારસો અને આપણી સમૃદ્ધ પરંપરાનું પણ નિદર્શન થશે.

પ્રદર્શનનું મુખ્ય વિષયવસ્તુ નીચે પ્રમાણે હશે :

- **સ્વામી વિવેકાનંદ - જીવન અને સંદેશ**
- **ભારતના મહાન ઋષિઓ**
- **ભારતની મહાન નારીઓ**
- **ભારતનાં દિવ્ય બાળકો**
- **આર્ટ-ગેલેરી (કલા વિભાગ)**

#### સ્વામી વિવેકાનંદ-જીવન અને સંદેશ :

સમગ્ર માનવજાતિ માટે સ્વામી વિવેકાનંદ પ્રેરણા સ્રોત બની રહ્યા છે. આ પ્રદર્શનમાં એવા વિભાગો હશે કે જેમાં દૃશ્ય અને શ્રાવ્ય માધ્યમ દ્વારા એમના જીવન સંદેશને અને તસ્વીરોને દર્શકો જીવંતરૂપે માણી શકશે. સ્વામી વિવેકાનંદનું એ પ્રદાન કે જેમાં ભારત વિશ્વગુરુ તરીકે ઊભરી આવે છે તેને વર્ણવતો એક વિશેષ વિભાગ પણ હશે.

#### ભારતના મહાન ઋષિઓ :

ભારતના ઋષિઓને ઈશ્વરના આવિર્ભાવરૂપે ગણવામાં આવે છે. તેઓ જનસમાજના આદર્શરૂપ છે. આ વિભાગમાં વૈદિકકાળથી લઈને સાંપ્રત સમય સુધીના કેટલાક ઋષિઓનાં જીવન અને એમના વિશિષ્ટ પ્રદાનને પ્રસ્તુત કરવામાં આવશે.

#### ભારતની મહાન નારીઓ :

કોઈ પણ સમાજના સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વિકાસનો માપદંડ એ સમાજમાં રહેલો સ્ત્રીનો દરજ્જો છે. ભારતીય સંસ્કૃતિને ઘડવામાં અને તેને જાળવવામાં સ્ત્રીઓએ ઘણો મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.

ભારતીય સ્ત્રીઓમાં હિંમત, પવિત્રતા, આત્મસંયમ, કરુણા જેવા વિશિષ્ટ સદ્‌ગુણો રહેલા છે. અહીં ભારતની મહાન સ્ત્રીઓની જીવન–ઝલક દર્શાવવામાં આવશે. તેમાં વૈદિકકાળ તથા રામાયણ–મહાભારતથી માંડીને આધુનિક સમયની નારીઓનો સમાવેશ કરવામાં આવશે.

#### ભારતનાં દિવ્ય બાળકો :

ઘણાં બાળકોએ ભારતના ગૌરવને ઉજ્જ્વળ બનાવવામાં મહત્ત્વનું પ્રદાન આપ્યું છે જેની ઇતિહાસ સાક્ષી પૂરે છે. આ વિભાગમાં અમે એવાં દિવ્ય બાળકોનાં ચિત્રો દર્શાવીશું કે જે બાળકોએ પોતાના જીવનમાં સત્ય, હિંમત, કરુણા અને દૃઢ સંકલ્પશક્તિ દાખવ્યાં હોય.

#### ઇતિહાસ, કલા અને સંસ્કૃતિ :

ભારતના સાંસ્કૃતિક વારસાનો સમગ્ર વિશ્વની સંસ્કૃતિ પર પ્રભાવ રહ્યો છે. વિવિધતામાં એકતા એ આ દેશની ઓળખ છે. ભારતના ગ્રંથો, સાહિત્ય, નૃત્ય, સંગીત, ચિત્રો, સ્મારકો ઇત્યાદિ વિશિષ્ટ છે. પેઢી દર પેઢીમાં તેનો વારસો અને મૂલ્યો સંક્રમિત થતાં રહે છે.

# વિવેકાનંદ સેન્ટર ફૉર એક્સલન્સ ઍન્ડ કલ્ચર
## – શાશ્વત ભારત પ્રતિ એક પ્રયાણ

## અપીલ (પ્રથમ તબક્કો)

**પ્રોજેક્ટની અંદાજિત કિંમત**

| અનુ. નં. | વિગત | બાંધકામનો વિસ્તાર (ચો.ફૂટ) | બાંધકામની રકમ રૂપિયામાં (કરોડ) |
|---|---|---|---|
| ૧. | બ્લોક – એ | ૨૩૧૨૦ | ૯.૫ |
| ૨. | બ્લોક – બી | ૧૧૦૨૩ | ૪.૫ |
| ૩. | બેઝમેન્ટ પાર્કિંગ | ૮૦૦૩ | ૩.૦ |
| ૪. | ટોયલેટ બ્લોક | ૫૨૬ | ૦.૨ |
| ૫. | પ્રાંગણ વિકાસ<br>(રૂફટોપ સોલાર, કમ્પાઉન્ડ વોલ,<br>ડ્રેનેજ સીસ્ટમ, લેન્ડસ્કેપિંગ) વગેરે | અંદાજિત | ૦.૬ |
| ૬. | પરચૂરણ ખર્ચ | અંદાજિત | ૦.૨ |
| **કુલ ખર્ચ રૂા. અઢાર કરોડ (અંદાજિત)** | | | **૧૮.૦૦** |

ભારતીય સંસ્કૃતિ સદીઓના ઇતિહાસ અને વારસા પર રચાયેલી છે. તેથી તે જગતની પ્રાચીન સંસ્કૃતિઓમાંની એક છે. આપણી સંસ્કૃતિ અને વારસા પ્રત્યેની જનસમાજની વિમુખતાની વચ્ચે આપણા દેશને એક એવી પ્રબળ શક્તિની જરૂર છે કે જેમાંથી પ્રાચીન ભારતની ભવ્યતા પુર્નજીવિત થાય અને સાથે સાથે સમગ્ર વિશ્વમાં ભારત શિરમોર બની ઝળહળતું રહે.

***વિવેકાનંદ સેન્ટર ફૉર એક્સલન્સ ઍન્ડ કલ્ચર*** બાળકો, યુવાનો અને ભારતના લોકોને તેમના ચારિત્ર્ય નિર્માણમાં, વ્યક્તિત્વ વિકાસમાં અને પ્રાચીન ભવ્ય વારસાને આત્મસાત્ કરવામાં સહાય કરશે જેથી તેઓ રાષ્ટ્રના નવનિર્માણમાં મદદરૂપ બની શકે.

આપણાં બાળકો, યુવાનો તથા આવનારી પેઢીઓના ઉજ્જ્વળ ભવિષ્ય માટે અમે ઉદાર દિલના દાતાઓ, શુભેચ્છકો, કંપનીઓ અને સ્વામી વિવેકાનંદના ચાહકોને તન–મન–ધનથી આ ઉમદા કાર્યમાં સહાય કરવા નમ્ર વિનંતી કરીએ છીએ.

આપનો શુભાકાંક્ષી

તારીખ : રામનવમી, ૧૭ એપ્રિલ ૨૦૨૪

Swami Ishtamayananda

**સ્વામી ઈષ્ટમયાનંદ**

સચિવ

આપનું દાન ચેક દ્વારા ***'રામકૃષ્ણ મિશન વિવેકાનંદ મેમોરિયલ'*** ના નામે મોકલી શકો છો.
*ચેકની સાથે દાતાનો PAN નંબર, ફોન નંબર અને પૂરું સરનામું આપવા વિનંતી.*

•

મિશનની વેબસાઇટ **www.rkmvadodara.org** પર **ઓનલાઈન** અથવા **QR Code** સ્કેન કરીને પણ દાન આપી શકો છો.

SCAN FOR DONATION

*આપનું દાન આવકવેરા અધિનિયમ ૧૯૬૧ની કલમ ૮૦ (જી) હેઠળ આવકવેરામાંથી કરમુક્ત છે.*

•

**વિદેશથી દાન આપવા માંગતા દાતાઓએ મિશનના અધિકૃત વોટ્સઅપ નંબર : +૯૧ ૬૩૫૩૪ ૨૦૧૯૮ પર સંપર્ક સાધવા વિનંતી.**

# વર્તમાન પ્રવૃત્તિઓ

## આધ્યાત્મિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ

***પ્રાર્થના અને ધ્યાનખંડ :*** અહીં નિયમિત રીતે દરરોજ સવાર–સાંજ શ્રીરામકૃષ્ણદેવની આરતી, ભજન, સંકીર્તન, ધ્યાન વગેરે થાય છે તેમજ વિશ્વના સર્વ ધર્મોના સંતો, પયગંબરોની જન્મતિથિ ઉજવાય છે.

***પ્રવચન અને ભજન–સંધ્યા :*** ગીતા, ઉપનિષદ ઉપર પ્રવચનો, ભજન સંધ્યા આદિ નિયમિત રીતે યોજાય છે.

## શૈક્ષણિક પ્રવૃત્તિઓ

***લાયબ્રેરી :*** વિવિધ વિષયો પર આશરે ૧૯૦૦૦ થી વધારે પુસ્તકોથી સમૃદ્ધ લાયબ્રેરી.

***વિવેકાનંદ બુક વર્લ્ડ :*** રામકૃષ્ણ–વિવેકાનંદ અને ગીતા–ઉપનિષદ પરના પુસ્તકોનું પ્રદર્શન અને વેચાણ.

***મૂલ્યલક્ષી મોબાઈલ વાન :*** ગામડાઓમાં મુલ્યલક્ષી સાહિત્યનું પ્રદર્શન અને પ્રવચનોનું આયોજન.

***કમ્પ્યૂટર સેન્ટર :*** વિદ્યાર્થીઓ અને વ્યવસાયિકો માટે નજીવા દરે કમ્પ્યૂટરના અભ્યાસક્રમો ઉપલબ્ધ.

***સ્ટડી રૂમ :*** વિદ્યાર્થીઓ માટે આશ્રમના પવિત્ર અને શાંત વાતાવરણમાં સ્ટડી રૂમની સુવિધા.

***મૂલ્યલક્ષી શિક્ષણ :*** ‘ચારિત્ર્ય ઘડતર દ્વારા રાષ્ટ્રનિર્માણ’ અંગે વિવિધ કાર્યક્રમોનું આયોજન.

***રામકૃષ્ણ જ્ઞાન ગંગા :*** જરૂરિયાતમંદ બાળકો માટે નિઃશુલ્ક શૈક્ષણિક વર્ગોનું આયોજન.

***નિવેદિતા સ્ટડી સર્કલ :*** યુવતીઓ માટે સ્વઓળખ અને જીવનલક્ષી વિચારધારા અંગે કાર્યક્રમો.

***કન્યા કેળવણી :*** તેજસ્વી અને જરૂરિયાતમંદ કન્યાઓના ઉજ્જવળ ભવિષ્ય માટે કાર્યક્રમો.

***યુથ સ્ટડી સર્કલ :*** યુવાનો માટે ચારિત્ર્ય ઘડતર અને વ્યક્તિત્વ વિકાસ અંગે માર્ગદર્શન.

***શૈક્ષણિક સહાય :*** જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓમાં શૈક્ષણિક સામગ્રીઓનું વિતરણ.

## સેવાકીય તેમજ રાહત કાર્યો

***પ્રજ્ઞાચક્ષુઓને માસિક રાશન કીટનું વિતરણ :*** પ્રજ્ઞાચક્ષુ અને જરૂરિયાતમંદ કુટુંબોને માસિક અનાજ કીટનું વિતરણ. (કીટમાં ઘઉં, ચોખા, દાળ, તેલ, મીઠું, મરચું, ખાંડ, ચા, મસાલા વગેરેનો સમાવેશ)

***સેવાકીય પ્રવૃત્તિ :*** જરૂરિયાતમંદ લોકોમાં સાડી, કપડાં, વાસણો વગેરેનું વિતરણ.

***રાહત સેવા કાર્યો :*** પૂર, વાવાઝોડા, દુષ્કાળ જેવી કુદરતી આફતોના સમયે રાહત સેવાકાર્યો.

## આરોગ્ય સેવાઓ

***વિવેકાનંદ મેડિકલ સેન્ટર :*** નિઃશુલ્ક/નજીવા દરે હોમિયોપેથીક, આયુર્વેદિક, દંત–ચિકિત્સા તથા આંખની સારવાર . તાજપુરા મુકામે નારાયણ હૉસ્પિટલમાં આંખની સારવાર અને નિઃશુલ્ક ઓપેરેશન.

***નિઃશુલ્ક નેત્રયજ્ઞ :*** ગ્રામ્ય વિસ્તારોમાં નેત્ર–ચિકિત્સા કેમ્પ તેમજ મોતિયાનું વિના મૂલ્યે ઓપેરેશન.

***મોબાઈલ મેડિકલ વાન :*** અંતરિયાળ વિસ્તારમાં દર્દીઓની વિનામૂલ્યે ચિકિત્સા અને દવાઓનું વિતરણ.

**રામકૃષ્ણ મિશન વિવેકાનંદ મેમોરિયલ, વડોદરા (ગુજરાત)**